પડતર પ્રશ્નો ઉકેલવામાં સરકાર નિષ્ફળ | ગ્રામસેવક મહામંડળ દ્વારા કાલથી રાજ્યવ્યાપી આંદોલનનું રણશિંગું

ચરોતરના ગ્રામસેવકો ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલ પર જશે

ખેડા-આણંદ જિલ્લાના ૨૬૪ના ગ્રામસેવકો આજે કાળી પટ્ટી બાંધી વિરોધ શરૂ થશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા ગ્રામસેવક કેડરની વિષમ પરિસ્થિતિ, અન્ય કેડરના જોબચાર્ટની કામગીરીનું અનાવશ્યક દબાણ અને લાંબા સમયથી પડતર માંગણીઓનું નિરાકરણ ન આવતા સરકાર સામે આક્રમક આંદોલનાત્મક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ આપેલ ૭ દિવસના અલ્ટિમેટમની મુદત પૂર્ણ થવા છતાં સરકાર કે સંબંધિત વિભાગ દ્વારા કોઈ સંતોષકારક નિર્ણય ન લેવાતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ અંગે ગ્રામસેવકોએ માગણી કરી હતી કે, રેવન્યુ તલાટી, પંચાયત તલાટી-કમ-મંત્રી અને ખેતી મદદનીશના જોબચાર્ટની કામગીરી ગ્રામસેવકો પાસે બળજબરીથી કે મૌખિક આદેશો આપીને કરાવવામાં આવી રહી છે, જે તુરંત બંધ કરવામાં આવે. હાલ રાજ્યમાં ૮ થી ૧૦ ગામો વચ્ચે માત્ર એક ગ્રામસેવક છે, જેથી ૧ થી ૨ ગામ વચ્ચે એક ગ્રામસેવકની નવી જગ્યા ઊભી કરવામાં આવે. આ ઉપરાંત બંધ કરવામાં આવેલી પ્રમોશનની તકો પુનઃ શરૂ કરવા અને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં ૪૨૦૦ ગ્રેડ-પે નો લાભ આપવાની સાથે સ્માર્ટફોન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ સુવિધા અથવા તો મોબાઈલ/કમ્પ્યુટર એલાઉન્સ તેમજ ટ્રાવેલિંગ એલાઉન્સમાં વધારો કરવો. ગ્રામસેવક કેડરને ખેતી મદદનીશ સાથે મર્જ કરી પંચાયત તંત્રમાંથી કૃષિ વિભાગના વહીવટી માળખામાં સમાવેશ કરવો. આ આંદોલનમાં આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના પણ ગ્રામ સેવકો જોડાશે.

આંદોલનનું તબક્કાવાર સમયપત્રક

૯ સપ્ટેમ્બર: કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન.
૧૦ સપ્ટેમ્બર: દરેક જિલ્લા મથકે આવેદનપત્ર આપવું.
૧૪ સપ્ટેમ્બર: તમામ સરકારી ગ્રુપમાંથી નીકળી જવું.
૨૧ સપ્ટેમ્બર: તમામ ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર.
૨૫ સપ્ટેમ્બર: પેન ડાઉન વિરોધ.
૧ ઓક્ટોબર: સામૂહિક સીએલ.
૨ ઓક્ટોબરથી: અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરવાની ચીમકી.

આણંદના વિદ્યાનગરમાં 'રાજા ગણરાજ ૨૦૨૬'નું ભવ્ય આગમન

આણંદ શહેરના બ્લોકબસ્ટર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાનગર ખાતે આયોજિત રાજા ગણરાજના ભવ્ય આગમનને નિહાળવા માટે હજારોની સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ દ્રવિડ પાસવાનની અધ્યક્ષતામાં આયોજિત આ મહોત્સવમાં ૨૧ બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર સાથે ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. આ મહાઆરતી પ્રસંગે આણંદના કલેક્ટર પ્રવીણ ચૌધરી અને ધારાસભ્ય યોગેશ પટેલ સહિત જિલ્લાના અનેક રાજકીય તથા સામાજિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આગમન યાત્રામાં નરસિંહ અવતાર, છાવા એક્ટ, કલર બ્લાસ્ટ શો, વિશાળ આદિયોગી પ્રતિમા અને ભવ્ય આતશબાજી નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

નડિયાદના રેલવે સ્ટેશન પર બિહારના ૩ બાળક મળી આવ્યાં

મુઝફ્ફરપુરની મદરેસાથી ભાગી અમદાવાદ જવા નિકળ્યાં હતાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૮

બિહારના મુઝફ્ફરપુરની એક મદરેસામાંથી કોઈને કહ્યા વિના ભાગીને અમદાવાદ જવા નીકળેલા ત્રણ ગભરાયેલા બાળકો નડિયાદ રેલવે સ્ટેશને આવી ચડ્યા હતા. રેલવે પોલીસ અને બાળ સુરક્ષા એકમની સજાગતા તથા વિવિધ સરકારી વિભાગોના સંકલિત પ્રયાસોથી આ ત્રણેય બાળકોને સુરક્ષિત રીતે બચાવી, જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી બિહારમાં તેમના પરિવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે.

નડિયાદ રેલવે સ્ટેશન પર તાજેતરમાં ફરજ બજાવતા આરપીએફના જવાનોને ત્રણેય અજાણ્યા બાળકો શંકાસ્પદ હાલતમાં એકલા મળી આવ્યા હતા. જવાનોએ ત્વરિત સમયસૂચકતા વાપરીને ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮નો સંપર્ક કર્યો હતો, જેમણે બાળકોને ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરી, નડિયાદના હિન્દુ અનાથ આશ્રમમાં આશ્રય આપ્યો હતો. જોકે, શરૂઆતમાં ડરેલા બાળકો વિગતો આપી શકતા ન હતા, પરંતુ બાળ સુરક્ષા એકમના કર્મચારીઓએ પ્રેમપૂર્વક કાઉન્સેલિંગ કરતા મોટો ખુલાસો થયો હતો. આ બાળકો બિહારના મુઝફ્ફરપુરના વતની હોવાનું અને મદરેસા સંચાલકોની નજર ચૂકવીને અમદાવાદ જવા નીકળ્યા હોવાની હકીકત સામે આવી હતી.

બંને રાજ્યોના તંત્ર વચ્ચે સઘન સંકલન

બાળકોનું સાચું સરનામું મળ્યા બાદ, નડિયાદ બાળ કલ્યાણ સમિતિએ મુઝફ્ફરપુર જિલ્લાના અધિકારીઓ સાથે ટેલિફોનિક સંપર્ક સાધી બાળકોના પરિવારની શોધખોળ હાથ ધરી હતી. વાલીઓની ઓળખ પ્રસ્થાપિત થતાં જ, નડિયાદ ટાઉન પોલીસના બે જવાનો અને સંસ્થાકીય અધિકારીના ખાસ એસ્કોર્ટ હેઠળ બાળકોને બિહાર રવાના કરવામાં આવ્યા હતા. ત્યાં મુઝફ્ફરપુર બાળ કલ્યાણ સમિતિ સમક્ષ જરૂરી દસ્તાવેજોની આખરી ચકાસણી પૂર્ણ કરી બાળકોને તેમના વાલીઓને સોંપવામાં આવ્યા હતા.

આણંદ જિલ્લામાં ગનમેનનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રાહુલ ગમારા દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડવામાં આવેલા આ આદેશ અનુસાર, જિલ્લામાં કાર્યરત તમામ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓએ તેમના દ્વારા રાખવામાં આવેલા ગાર્ડ્સ, ગનમેન અને સુપરવાઈઝરનું પોલીસ વેરિફિકેશન કરાવવું હવે ફરજિયાત રહેશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યું છે અને ૧૮ ઓગસ્ટ ૨૦૨૬થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

આણંદ જિલ્લામાં મોટા પ્રમાણમાં આવેલા ઔદ્યોગિક એકમો, કેમિકલ ફેક્ટરીઓ, બેંકો, એટીએમ, મોલ્સ અને શૈક્ષણિક સંસ્થાઓની સુરક્ષાને ધ્યાને રાખી આ કડક નિર્ણય લેવાયો છે. દરેક સુરક્ષા એજન્સીએ કર્મચારીને ફરજ પર રાખતા પહેલાં તેના બાયોડેટા અને ફોટાની નકલ સાથે પોલીસ વેરિફિકેશન કરાવવું પડશે.

એજન્સીઓએ તમામ સુરક્ષા જવાનોની વિગતો જિલ્લા પોલીસ અધિક્ષક હેઠળની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખામાં જમા કરાવવાની રહેશે. આ સાથે, જવાનોની જે-તે સ્થળે કરાયેલી નિયુક્તિની માહિતી પણ પોલીસને આપવી પડશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર એજન્સીઓ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

પાટીદાર સમાજના આગેવાનોએ ૨.બે કરોડ દાનની જાહેરાત કરી

વર્ષ ૨૦૨૭માં યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીના ભાગરૂપે બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૮

કપડવંજ અને ડાકોર ખાતે પાટીદાર સામાજિક અગ્રણીઓ અને સંગઠનના હોદ્દેદારોની એક વિશેષ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લાના ઉદારદિલ દાતાઓએ માતાજીના ચરણોમાં ૨ કરોડનું માતબર દાન અર્પણ કરી સંસ્થાના ટ્રસ્ટી બનવાની જાહેરાત કરી હતી.

આ બેઠક વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ આર.પી. પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ સંસ્થાના ઉપપ્રમુખ ડી.એન. ગોલના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવી હતી. આ પ્રસંગે માર્ગદર્શન આપવા માટે કેન્દ્રીય સંગઠનમાંથી મહિલા વિંગના ચેરપર્સન રૂપલબેન પટેલ, જયંતીભાઈ પોકાર, સંગઠન મહામંત્રી સંજયભાઈ પટેલ તેમજ અગ્રણીઓ ગીરાબેન પટેલ, જશુભાઈ પટેલ અને દશરથભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ઉમદા યોગદાન આપનાર તમામ દાતાઓનું ઉપપ્રમુખ ડી.એન. ગોલ અને કેન્દ્રીય સંગઠનની ટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે ખેડા જિલ્લા પ્રભારી તુલસીભાઈ પટેલ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ખેડા જિલ્લા સંગઠનના ચેરમેન નયનભાઈ પટેલ અને મહિલા વિંગના ચેરપર્સન હેમલતાબેન પટેલ સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો રાજેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, નિખિલભાઈ પટેલ અને પરેશભાઈ પટેલે તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં જન્માષ્ટમીની ભાવસભર ઉજવણી કરાઇ

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ભક્તિસભર કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ આસ્થાપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની પૂજા અને આરતી કરી પવિત્ર વાતાવરણ સર્જ્યું હતું. બાદ વિદ્યાર્થીઓ દ્વારા સુમધુર ભજનો રજૂ કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વિભાગમાં ભક્તિપૂર્ણ માહોલ ઊભો થયો હતો. આ મંગલમય અવસરે દુહા-છંદની રમઝટ સાથે ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય એવા રાસ-ગરબાનું પણ ભવ્ય આયોજન કરાયું હતું.

વિદ્યાનગરમાં શિક્ષકદિન નિમિત્તે ગુરૂજનો અને તેજસ્વી પ્રતિભાઓનો સન્માન સમારોહ યોજાયો

આણંદ | લાયન્સ ક્લબ અને સિનિયર સિટીઝન ફોરમ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે એલિકોન હોલ ખાતે શિક્ષકદિન નિમિત્તે આણંદ, વિદ્યાનગર અને કરમસદના ગુરૂજનોનું ભવ્ય સન્માન કરાયું હતું. આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર નિરંજનભાઇ પટેલે લાયન્સ ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ દરમિયાન વંદનીય ગુરૂજનો ઉપરાંત સમાજના અન્ય વયસ્કો અને તેજસ્વી તારલાઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે સાયકલિંગ ઇવેન્ટમાં ૨૯ કલાકમાં ૬૨૫ કિલોમીટરનું અંતર કાપી ગુજરાતના યંગેસ્ટ રેન્ડોનિયર બનનાર વિદ્યાર્થી માનવ એમ. મહિડાનું વિશેષ સન્માન કરાયું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

વસોની સરસ્વતી વિદ્યા મંદિરમાં LICની સ્થાપનાના ૭૦ વર્ષ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

નડિયાદ | ભારતીય જીવન વીમા નિગમની સ્થાપનાના ૭૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સરસ્વતી વિદ્યા મંદિર, વસો ખાતે એલઆઈસી સપ્તાહ અંતર્ગત ચિત્ર, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એલઆઈસી નડિયાદ મંડળ કાર્યાલયના ઉપક્રમે યોજાયેલી આ સર્જનાત્મક સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વક્તૃત્વ સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ શ્રોતા તરીકે હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના અંતે વિજેતાઓને ટ્રોફી અને આકર્ષક ઇનામો તેમજ તમામ ઉપસ્થિત વિદ્યાર્થીઓને એલઆઈસી તરફથી પ્રોત્સાહક સ્મૃતિ ભેટ એનાયત કરવામાં આવી હતી.

વટાદરાની કે.એસ.શાહ પ્રાથમિક વિદ્યાવિહાર શાળામાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

આણંદ | વટાદરાની કે.એસ.શાહ પ્રાથમિક વિદ્યાવિહાર શાળા પરિસરમાં શ્રાવણ માસના પવિત્ર સોમવાર અને જન્માષ્ટમી પર્વ નિમિત્તે સુંદર ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમની શરૂઆત શિવજીની પવિત્ર આરતીથી થઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ 'સમુદ્ર મંથન' અને 'નીલકંઠ મહાદેવ' વિષય પર મનમોહક ભાવવાહી નૃત્ય રજૂ કર્યા હતા. જન્માષ્ટમી પર્વ અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઈને ગોકુળની માખણચોરી, કાળિયામર્દન અને રાધા-કૃષ્ણ પ્રેમ જેવા પ્રસંગોને જીવંત કરતી આકર્ષક ઝાંખીઓ રજૂ કરાઈ હતી. શાળાના નાના બાળકોએ શિવજી, પાર્વતીજી તેમજ રાધા-કૃષ્ણના પાત્રોની મનમોહક વેશભૂષા ધારણ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આણંદ શહેરના પ્રસિદ્ધ રોકડીયા હનુમાનજી મંદિરે ભવ્ય સમૂહ મહાપૂજા યોજાઈ

આણંદ | વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદી હસ્તકના રોકડીયા હનુમાનજી મંદિરે શ્રાવણ વદ-૧૦ના રોજ ભવ્ય સમૂહ મહાપૂજા યોજવામાં આવી હતી. મંદિરના મહંત સદ્. ભક્તવત્સલદાસજી સ્વામીના સુંદર આયોજન હેઠળ યોજાયેલી આ પૂજાનો બહોળી સંખ્યામાં ભક્તોએ પ્રત્યક્ષ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. મહાપૂજાના મંગલ સમાપન બાદ ઉપસ્થિત પૂજ્ય સંતોએ ધર્મલાભ લેનાર તમામ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. આ મહોત્સવના અંતે મંદિરે શ્રદ્ધાળુઓ માટે ભવ્ય મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ખેડામાં ભાજપ યુવા મોરચા દ્વારા સંપૂર્ણ 'વંદે માતરમ્' ગાનનો કાર્યક્રમ યોજાયો

આણંદ | વંદે માતરમ્ ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગ રૂપે ખેડા શહીદ ભગતસિંહ ચોક અને એસ ટી બસ સ્ટેન્ડ ખાતે ભવ્ય સમૂહ ગાન યોજાયું હતું. અત્યાર સુધી માત્ર બે જ કડી ગવાતી હતી, પરંતુ કેન્દ્ર સરકારના આહ્વાનથી હવેથી છ કડીનું સંપૂર્ણ વંદે માતરમ્ ગીત ગાવામાં આવ્યું હતું. રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જવાની સાથે આ સંપૂર્ણ ગીત છેવાડાના ગામોના લોકો સુધી પહોંચે તે હેતુથી યુવા મોરચાના કાર્યકરો દ્વારા આ વિશેષ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ખેડા જિલ્લા યુવા મોરચાના અધ્યક્ષ વિવેકભાઈ પંડ્યા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

નાર સ્થિત ગોકુલધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'આચાર્ય દેવો ભવ:' સન્માન સમારોહ યોજાયો

પેટલાદ | નાર સ્થિત ગોકુલધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોની સમર્પિત સેવા અને નિષ્ઠાને બિરદાવવા માટે 'આચાર્ય દેવો ભવ:' સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા શુકદેવ પ્રસાદદાસજી સ્વામી, અતિથિ વિશેષ ભૂપેન્દ્રભાઈ પટેલ અને શાળાના આચાર્ય ભાવેશ જોશી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ દરમિયાન સ્વામીજીના વરદહસ્તે શાળાના દરેક શિક્ષક, હોસ્ટેલ રેક્ટર અને આચાર્યશ્રીને સન્માનપત્ર એનાયત કરી આદરપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા હતા.

વીરપુરના ડેભારી ગામે જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી

વીરપુર | વીરપુર તાલુકાના ડેભારી ગામે પરંપરાગત રીતે ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના એક બાળકને બાલ કૃષ્ણના સુંદર સ્વરૂપમાં શણગારીને સમગ્ર ગામમાં ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમિયાન ગ્રામજનોએ બાલ કૃષ્ણના દર્શનનો લાભ લીધો હતો અને ભક્તિગીતોના તાલે યુવાનો સહિત ગ્રામજનો ઝૂમી ઉઠ્યા હતા. અંતે ગામના સરદાર પટેલ ચોક ખાતે મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનોની ઉપસ્થિતિ વચ્ચે બાલ કૃષ્ણના હાથે મટકી ફોડીને ઉત્સવની ભક્તિમય પૂર્ણાહુતિ કરાઈ હતી.

આણંદમાં પાઠશાળાના બાળકો દ્વારા 'નંદ યશોદા કો લાલો' રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

આણંદ | વાક્પતિ ફાઉન્ડેશન, વડોદરા અંતર્ગત આણંદ ખાતે કાર્યરત શ્રી શુદ્ધા દ્વૈત પાઠશાળાના બાળકો દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે આ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. કાંકરોલી યુવરાજ વેદાંત કુમાર મહોદયના વડપણ હેઠળ યોજાયેલા આ ઉત્સવમાં બાળકોએ મટકી ફોડ, સુંદર વેશભૂષા અને મંગલ વધાઈના ગીતોની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો હાજર રહ્યાં હતાં. અંતમાં વેદાંત કુમાર મહોદયના હસ્તે ભાગ લેનાર બાળકો અને સંચાલકોને પુરસ્કારો તથા એવોર્ડ્સ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આણંદની એકેડેમિક હાઈટ્સ પબ્લિક સ્કૂલ ખાતે ઈન્ટરસ્કૂલ કરાટે ચેમ્પિયનશીપ સંપન્ન

આણંદ | વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત આ ચેમ્પિયનશીપમાં આણંદ જિલ્લાની વિવિધ શાળાઓના ૨૮૨ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે કરાટે બ્લેક બેલ્ટ ધારકો દ્વારા વૈદિક માનસ યોગનું અદ્ભુત નિદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના અંતે એલ.એલ.વી.પી. સ્કૂલ ચેમ્પિયન જ્યારે વી એન્ડ સી પટેલ સ્કૂલ રનર્સઅપ જાહેર થઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે તમામ વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને મેડલ એનાયત કરીને પ્રોત્સાહિત કર્યાં હતાં.

નડિયાદ સ્થિત કેડીસીસી બેન્ક દ્વારા વત્રા ગામમાં એટીએમની સેવાનો પ્રારંભ કરાયો

આણંદ | આણંદ જિલ્લાના વત્રા ગામે ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ અને કેડીસીસી બેંકના વાઇસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમારના હસ્તે નવનિર્મિત એટીએમ સુવિધાનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. બેંકના કાર્યશીલ ચેરમેન તેજસકુમાર પટેલના નેતૃત્વ હેઠળ ગ્રાહકોને ગામમાં જ ૨૪x૭ કોઈપણ ચાર્જ વિના સરળતાથી નાણાં ઉપાડની સેવા આપવા માટે ડિજિટલાઇઝેશન પર વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ બેંકની કામગીરીને બિરદાવી હતી અને આગામી દિવસોમાં બેંક દ્વારા ૧૦૦થી વધુ સ્થળોએ નવા ATM શરૂ કરવાના આયોજનને ગૌરવરૂપ ગણાવ્યું હતું.